સૌથી ઉત્તમ સરકાર એ છે જે ઓછામાં ઓછું શાસન કરે
- થોરો

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૯૯ | ૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૨, શુક્રવાર; નિજ ભાદરવા સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# પાંચ દિવસનું સપ્તાહ કરવા સક્રિય વિચારણા

## સચિવાલય સહિત રાજ્યની કચેરીઓમાં ઓફીસના સમયમાં ફેરફાર અને પાંચ દિવસનું સપ્તાહ કરવાની વિચારણા : કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે પેકેજ તૈયાર : આગામી સપ્તાહે વિધિવત જાહેરાત કરાશે

ગાંધીનગર, તા. ૨૭

સચિવાલય સહિત રાજ્યની સરકારી કચેરીઓમાં પાંચ દિવસનું સપ્તાહ કરવાની સાથે સાથે ઓફિસના સમયમાં પણ ફેરફાર કરવા અંગેની ગંભીર વિચારણા રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવી છે અને આગામી સપ્તાહમાં આ અંગેની વિધિવત્ ઘોષણાઓ કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજ્ય સરકાર સમક્ષ પોતાની પડતર માંગણીઓને લઈ આંદોલન પર ઉતરી આવેલા કર્મચારીઓને મનાવી લેવા માટે સરકાર દ્વારા આ વિચારણાને અગ્રતા આપવામાં આવી છે.

નવા પગાર પંચની ભલામણોના અમલની સાથે જ કર્મચારીઓએ આ માંગણી કરી હતી. સરકાર દ્વારા જે વિચારણા હાથ ધરવામાં આવી છે તેમાં સચિવાલયનો હાલનો સમય જે ૧૦.૩૦ થી ૬.૧૦ નો છે તેના બદલે ૧૦ વાગે શરૂ થશે અને સાંજે ૬.૪૫ આ કચેરીનું કામકાજ બંધ થશે.

મળતી વિગતો પ્રમાણે સરકારે કર્મચારીઓને અપાતી જાહેર રજાના દિવસો ઘટાડવાની સાથે હવે આ સમયમાં પણ ફેરફાર કરવા અને પાંચ દિવસનું સપ્તાહ કરવા અંગેની વિચારણા હાથ ધરી છે.

રાજ્ય સરકાર આ જાહેરાત કરતાં અગાઉ અન્ય રાજ્યોમાં હાલની કચેરીઓના સમય સહિત ઘણી અન્ય બાબતો અંગે પણ અભ્યાસ કરી રહી છે. જો કે આ નિર્ણય લેવા માટે મંત્રીમંડળની પેટા સમિતિએ પણ સકારાત્મક ભલામણ કરી છે જો કે ભલામણના સ્વીકાર અંગેનો નિર્ણય રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં થશે.

કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે રાજ્ય સરકારે પેકેજ તૈયાર કરી નાંખ્યું છે અને સંભવત ૩૦મીના રોજ મળનાર તલાટીના સંમેલનમાં આ પેકેજ જાહેર કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.


નાણા વિભાગ સાથે સંકળાયેલ અત્યંત વિશ્વાસપાત્ર સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગઈકાલે સચિવાલય ફેડરેશન સાથે રાજ્ય સરકારના પ્રતિનિધિઓની બેઠક મળી હતી. જેમાં ફેડરેશન દ્વારા રજુ કરાયેલી માંગણીઓ સંદર્ભે રાજ્ય સરકારે હકારાત્મક વલણ અપનાવીને તેનો ઉકેલ લાવવાની ખાત્રી આપી હતી.

બીજી બાજુ સંકલન સમિતિ સાથે મંત્રણા પડી ભાંગી હતી. હવે રાજ્ય સરકાર સંકલન સમિતિ સાથે મંત્રણાઓ કરવાના મુડમાં નહી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કર્મચારીઓના પડતર પ્રશ્નોના ઉકેલ માટે પાંચમાં અને છઠ્ઠા પગાર પંચની બાકી લાભોનો અમલ કરવા જે માંગણી મંડળો દ્વારા કરવામાં આવી છે તે પૈકીની કેટલીક માંગણીઓ સ્વિકારવા માટે રાજ્ય સરકારે સૈદ્ધાંતિક નિર્ણય લઈ લીધો હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નાણા વિભાગ દ્વારા કઈ કઈ માંગણીઓ સ્વીકારવાથી રાજ્ય

● અનુસંધાન પાન-૭ પર



# કર્મચારીઓની માસ સીએલથી તંત્રને ઘેરી અસર

## જિલ્લા કચેરીઓ ખાલીખમ : માસ.સી.એલ.નો કાર્યક્રમ ૧૦૦ ટકા સફળ રહેવાનો સંકલન સમિતિનો દાવો

ગાંધીનગર, તા. ૨૭

રાજયના અંદાજે ૬ લાખથી વધુ કર્મચારીઓ આજે માસ સી.એલ. પર જતાં જિલ્લા કચેરીઓમાં વહીવટી કામગીરી ઠપ્પ થઈ જવા પામી હતી. આજે કર્મચારીઓએ રાજય સરકાર સામે દેખાવો પણ કર્યા હતા.

કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે રાજય કર્મચારી સંકલન સમિતિ દ્વારા રાજય સરકાર સમક્ષ અનેક વખત રજુઆતો કરવા છતાં પણ કોઈ ઉકેલ ન આવતાં રાજય સરકાર સામે આંદોલનનું રણશીંગુ ફુંકીને આજે ૨૭મી સપ્ટેમ્બરે માસ સી.એલ.નો કાર્યક્રમ આપ્યો હતો.

રાજય સરકાર અને સંકલન સમિતીના આગેવાનો વચ્ચે ગઈકાલે મંત્રણા બેઠક યોજાઈ હતી. જો કે આ મંત્રણાઓ પડી ભાંગતાં સંકલન સમિતિએ આજનો માસ સી.એલ.નો કાર્યક્રમ યથાવત રાખ્યો હતો.

સંકલન સમિતિએ આપેલા માસ સી.એલ.ના કાર્યક્રમના ભાગરૂપે આજે રાજયના તમામ જિલ્લાઓમાં આવેલી સરકારી કચેરીઓના કર્મચારીઓ માસ સી.એલ. પર જતાં રાજયભરની તમામ સરકારી કચેરીઓમાં વહીવટી કામગીરી ઠપ્પ થઈ જતાં પ્રજાજનોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.

રાજયના કેટલાક જિલ્લાઓમાં સરકારી કચેરીઓમાં માસ સી.એલ.નો કાર્યક્રમ ૧૦૦ ટકા સફળ થવા પામ્યો છે. જયારે કેટલાક જિલ્લાઓમાં ૭૦ થી ૮૦ ટકા જેટલો સફળ થવા પામ્યો છે. આમ એકંદરે માસ સી.એલ.નો કાર્યક્રમ ૧૦૦ ટકા સફળ રહ્યો હોવાનો દાવો સંકલન સમિતિ દ્વારા કરવામાં આવ્યો છે.

કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે હજુ પણ જો રાજય સરકાર દ્વારા હકારાત્મક વલણ અપનાવવામાં

● અનુસંધાન પાન-૭ પર



# અમિત શાહ ગુજરાત આવી શકશે સોહરાબુદ્દીન કેસ મહારાષ્ટ્રમાં ગયો

## પૂર્વ ગૃહ રાજ્યમંત્રી બે વર્ષથી ગુજરાત બહાર રહેતા હતા, જોકે તુલસી કેસમાં ચાર્જશીટ હોવાથી તેમની મુક્તિ અલ્પજીવી નિવડી શકે છે

**(વિશેષ પ્રતિનિધિ દ્વારા)**

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતના પૂર્વ ગૃહ રાજ્યમંત્રી અમિત શાહનો ગુજરાત પ્રવેશ સાફ થયો છે પરંતું સોહરાબુદીન કેસ ગુજરાત બહાર મહારાષ્ટ્રમાં ખસેડવામાં આવ્યો છે. દેશની સર્વોચ્ચ અદાલતે આ બન્ને આજે હુકમો કર્યા છે.

અદાલતના આદેશના પગલે અમિત શાહ બે વર્ષ પછી ગુજરાતમાં પ્રવેશી શકશે અને રાજકારણમાં સક્રિય બની શકશે, જો કે આ રાહત અલ્પજીવી પણ બની શકે છે કારણ કે તુલસી એનકાઉન્ટર અને ઈશરત જહા કેસમાં ફરીથી તેમની સામે કાર્યવાહી થઈ શકે છે.

અમિત શાહની જામીન અરજી રદ કરવા અંગે સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી કરવામાં આવી હતી પરંતું કોર્ટે તેને ફગાવી દીધી છે અને અમિત શાહને ગુજરાતમાં પ્રવેશવા દેવાની છૂટ આપી છે.

જસ્ટીસ આફતાબ આલમ અને જસ્ટીસ રંજના પ્રકાશ દેસાઈની બેન્ચે સુનાવણી હાથ ધરી હતી. સીબીઆઈએ દાદ માગી હતી કે અમિત શાહ સાક્ષીઓને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી શકે છે આથી તેમની જામીન અરજી રદ કરવી જોઈએ. જો કે આ દલીલ સુપ્રીમે ગ્રાહ્ય રાખી ન હતી. અદાલતે અમિત શાહના જામીન યથાવત રાખ્યા છે.

સીબીઆઈએ દલીલ કરી હતી કે આ કેસમાં ગુજરાત પોલીસની સંદિગ્ધ ભૂમિકા છે. રાજ્યમાં સાહેદો પર જોખમ હોવાથી નિષ્પક્ષ અને મુક્ત સુનાવણી થઈ શકે તેમ નથી. આ દલીલ સામે સુપ્રીમ કોર્ટે સોહરાબુદીન કેસને મુંબઈ ખસેડવાનો આદેશ કર્યો છે. આ ચૂકાદાને પગલે ગુજરાતની જેલમાં બંધ થયેલા વણજારા સહિતના પોલીસ અધિકારીઓ તથા આરોપીઓને મુંબઈની જેલમાં ખસેડવામાં આવશે.

સોહરાબુદીન કેસ પછી સીબીઆઈના બોર્ડ ઉપર તુલસી પ્રજાપતિ કેસ છે. આ કેસમાં ચાર્જશીટ કરવામાં આવ્યું છે અને તેમાં અમિત શાહનું પણ નામ હોવાથી તેમની ફરીથી ધરપકડ થઈ શકે છે તેથી તેમની આ મુક્તિ અલ્પજીવી નિવડી શકે છે.

સીબીઆઈએ જુલાઈ-૨૦૧૦માં અમિત શાહની ધરપકડ કરી હતી. અમિત શાહને જામીન મળ્યા હતા પરંતું તેઓને ગુજરાત બહાર રહેવાનું ફરમાન હતું. છેલ્લા બે વર્ષથી તેઓ ગુજરાત બહાર રહેતા હતા. જો કે હાલ તો અમિત શાહ ગુજરાતમાં આવીને તેમની રાજકીય પ્રવૃત્તિ કરી શકશે.











